## ગાંધીનગર મને ગમે છે...



● પ્રજ્ઞા પટેલ

ગાંધીનગર મને ગમે છે, આ નગરને હું ચાહું છું. કોઈ પણ ગામ-શહેરને ચાહવા કે એ ગમવા અથવા ન ગમવા પાછળનાં કોઈ કારણ હોય. અહીં ગમતાં કારણોની વાત કરું તો, આ ખૂબ પોતાનું, પરિચિત અને ગમતી વ્યક્તિ જેવું લાગતું શહેર છે. એ સુંદર છે, ખુલ્લું છે એટલે કે એ મોકલાશ આપતું શહેર છે. કોઈ પણ શહેર-નગર માત્ર એની સુવિધાઓ, રસ્તા, બગીચા કે એવી જ બાબતોથી પ્રિય બની જાય એવું નથી હોતું. પણ હૃદયને સીધું અનુસંધાન જોડાય, ભાવનાત્મક જોડાણ હોત તો પોતાનું વ્હાલું લાગે. ૧૯૮૪ની સાલ પહેલાં જીવનમાં કદી વિચાર્યું - ધાર્યું નહોતું કે હું ગાંધીનગરમાં રહીશ, 'ગાંધીનગરવાસી' બનીશ. આજે ૩૭-૩૮ વર્ષથી આ નગરમાં સ્થાયી ભાવે રહું છું. એક વતન જેવી લાગણી થાય છે.

નગરની ઘણી ખૂબીઓ છે, લાગક્ષિકતાઓ છે. આ અતિ આધુનિક પણ નથી, તો સાવ ગામ પણ નથી. એક મધ્યમ પ્રવાહે એની આબોહવા છે. જાતભાતનાં વૃક્ષો શહેરનાં આભૂષણો છે. પંખીઓ એના ટહુકા છે. અમદાવાદને અડીને, એની સોડમાં, છતાં એ 'અમદાવાદ' નથી બન્યું. આમ આડ રસ્તે જઈએ તો વધુમાં વધુ ૮-૧૦ કિ.મી.માં બે છેડા ભેગા થઈ જાય ને ઊભા રસ્તા પર તો ૫-૬ કિ.મી.માં થપ્પો મારી દેવાય. નગરની બૃહદ પરિક્રમા (લગભગ ૨૫ કિ.મી.થી વધુ) પણ બે વાર કરી છે, ચાલીને. આજથી થોડાં વર્ષો પહેલાં તો એ આટલું વિસ્તર્યું નહોતું ત્યારે તો વળી સાવ પોતાનું, નજીકનું ને એક વિશાળ પરિવાર જેવું જ લાગતું હતું. ક્યાંક પણ જઈએ, બે-ચાર તો હસ્તા - પરિચિત ચહેરા મળી જ જાય. ઘરમાં હોઈએ તો એકલાં ને બહાર નીકળીએ તો મિત્રો-સ્વજનોનું નગર. શિક્ષણ, કલા, સંસ્કૃતિ, સાહિત્ય, સેવા - એ આ નગરના ધબકાર છે. ગાંધીનગરે પોતાની એક નોખી આભા, અસ્મિતા અને તાસીર જાળવી રાખ્યાં છે.

ચાહવા જેવું ઘણું બધું છે, એટલે ગાંધીનગરને ચાહું છું. આ નગરમાં રહી જીવનના અમૂલ્ય અનુભવ મળ્યા છે, મારું વ્યક્તિત્વ પોષાયું છે, જીવનના સારા-માઠા અનેક પ્રસંગોનું સાક્ષી રહ્યું છે. નગરે મને અપનાવી છે, પોતાની કરી છે, તો એને ચાહ્યા વિના કેમ ચાલે ? સરકારી ફરજ દરમિયાન એથી જ એક કાવ્ય લખાયેલું, નગરના જાણીતા ગાયક - સંગીતજ્ઞ શ્રી બિરેન પુરોહિત સરસ રીતે આ ગીતને લયબદ્ધ પણ કર્યું હતું :

'આ છે ગાંધીનગર, વ્હાલું ગાંધીનગર, મારું ગાંધીનગર....
સ્વચ્છ સુંદર, નીતનિરાળું ગાંધીનગર....'

# ફાગણ ફોરમતો આયો...

### ઉમંગ અને સુગંધથી ગાંધીનગર મધમધશે : શહેરમાં પ્રકૃતિ અને સંસ્કૃતિ સોળેકળાએ ખીલશે : રંગ અને ઉમંગનું પર્વ ભારે ધામધૂમથી ઉજવાશે : બે વર્ષના અંતરાલ બાદ શહેર ઉત્સવના ઉમંગથી છલકાશે

ગાંધીનગર, તા. ૨

શહેરમાં વસંતઋતુ સોળેકળાએ ખીલવા જઈ રહી છે.



શહેરના જીવજગતને થરથર ધ્રુજાવતો શિયાળો ઉંબર વટાવીને



બહાર નીકળી ગયો છે અને સાથે જ તડકાની તીખાશ આંગણામાં પથરાવવાની શરૂ થઈ ગઈ છે.



ગાંધીગરમાં દરેક ઋતુનું આગવું મહત્વ રહેલું છે. પાનખર હોય કે વસંત હોય ગાંધીનગરમાં તેના અલગ જ દ્દશ્યો જોવા મળે છે. એક તરફ પાનખર વિદાય લઈ રહી છે અને વસંતના વધામણા ગ્રીનસીટીમાં ચારે તરફ નગરજનો નિહાળી રહ્યા છે. પાનખરમાં પીળા થઈને ખરી પડેલા પાંદડાઓ હવે નવજીવન પામી લીલીછમ કુંપળો ફુટવા લાગી છે. રંગબેરંગી ફૂલડાઓ શહેરની શોભા વધારી રહ્યાં છે. શહેરની ઓળખ વધારવતા વૃક્ષો ફાગણ માસમાં પોતાની સુંદરતા દર્શાવે છે. શહેરના માર્ગો વચ્ચે ફૂલોની જે હરોળ જોવા મળી રહી છે તે ખૂબ જ આકર્ષક લાગી રહી છે. રંગબેરંગી ફૂલડાઓ પર મધમાખી અને ભમરા અને પતંગિયાને જોઈને કવિઓને આ કવિતા યાદ આવી જાય છે...

ફાગણ ફોરમતો આયો...
આયો રે આયો...

ફાગણ ફોરમતો આયો...
લાલ લાલ લાલ લાલ રંગ
પેલા કેસુડાના સર સર અંગ
પથરાયો...

ઋતુઓનો રાજા પેલો ફાગણ આંગણ આવી અલબેલો લહેરાયો...



ફાગણ માસમાં રંગોનો તહેવાર ધુળેટી અને હોળી પણ ફાગણ માસનો મહિમા સમજાવી જાય છે. ગાંધીનગરમાં હોળી, ધુળેટીનો તહેવાર ધામધૂમથી ઉજવવામાં આવે છે. રંગીન શહેરમાં ધૂળેટીનો તહેવાર ખૂબ રંગીન બની રહે છે. આપણા શહેરમાં દરેક ધર્મના નાગરિકો વસે





છે. જેમાં હોળીનો તહેવારનું સૌથી વધારે મહત્વ માનવામાં આવે છે તેવા ડુંગરી ગરાસિયા સમાજ અને વણઝારા સમાજના નાગરિકો દ્વારા ફાગણ માસમાં મોટા ઉતસ્વોનું આયોજન કરવામાં આવે છે.

ડુંગરી ગરાસિયા સમાજ દ્વારા હોળીના દિવસે હોળી પ્રગટાવવામાં આવે છે. સાંજે ૭ વાગ્યે હોલીકાદહનનું આયોજન કરવામાં આવે છે. જેમાં સમાજના નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેતા હોય છે. અને હોળીના પર્વમાં ગવાતા આદિવાસી લોકગીતો ગાઈને ઉજવણી કરવામાં આવે છે. જ્યારે ધુળેટીના દિવસે સેક્ટર-૩-એ-ન્યુ માં (કેસુડિયા વન) ડુંગરી ગરાસિયા સમાજ દ્વારા ઘેરનું આયોજન કરવામાં આવે છે. જેમાં ૧૫ થી ૨૦ જેટલા ઢોલ લઈને ગોળ રાઉન્ડ કરીને સમાજના પુરષો વાંજિત્રો અને ઢોલ વગાડે છે. ઉપરાંત અન્ય વાજિંદ્રોનો પણ સમાવેશ થાય છે. અને સમાજની સ્ત્રીઓ લેઝિમ વગાડતા વગાડતા આદિવાસી લોકગીતોની રમઝમટ બોલાવે છે. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં ભીડ એકઠી થતી હોય છે. કાર્યક્રમની સમાપ્તી સમૂહ ભોજન સાથે કરવામાં આવે છે અને પ્રસાદીમાં ખજૂર, ધાણી, પતાસાનું વિતરણ કરવામાં આવે છે. આ પરંપરા વર્ષોથી ચાલી આવી છે જેમાં શહેરના સામાજીક નાગરિકો દ્વારા હજી સુધી જાળવી રાખી છે. તેઓ પ્રાકૃતિક પર્વ તરીકે પૂજે છે. હોળી પર્વમાં શહેરમાં દરેક સેક્ટરે સેક્ટરે ઢોલ અને અન્ય વાજિન્દ્રો સાથે વણઝારા ગોટ ઉગવાવવા માટે નીકળે છે. હોળી પહેલાના અઠવાડિયામાં તેઓ આ વર્ષે જોવા મળી રહ્યા છે. આ ઘેરૈયાઓ પોતાના અંદાજમાં ગીતો ગાઈને શહેરીજનોને આકર્ષિત કરે છે.



શહેરીજનો પણ તેમની ડફલી અને નગારાની ધૂન સાંભળીને આનંદીત થઈ જાય છે. સરકારી ઓફિસોમાં



રીસેષ ટાઈમે ઓફિસના સ્ટાફમિત્રો ચા-નાસ્તો કરવા જાય તે સમયે આ



ઘેરૈયાઓ ગોટ ઉઘરાવવા જોવા મળી રહ્યા છે.

છેલ્લા બે વર્ષથી શહેરમાં રંગ



અને ઉમંગનું પર્વ ઉજવવામાં આવ્યું નહોતુ. જે આ વર્ષે શહેરીજનો ભારે ધામધૂમથી ઉજવી શકશે. આ સાથે શહેરીજનોના ઉત્સાહમાં ઉમેરો કરતું સંસ્કૃતિકુંજ પણ આ વર્ષે શહેરીજનો બે વર્ષના અંતરાલ બાદ નિહાળી શકશે. તેથી ફાગણમાં પ્રકૃતિ અને સંસ્કૃતિ સોળેકળાએ ખીલશે.

ગાંધીનગરની ફોરમ બીજા શહેરો કરતા અલગ જ છે. શહેરના બાગ-બગીચાઓથી ગાંધીનગરની પ્રકૃતિ સુંદર અને એકમેકથી ચઢિયાતી દેખાય છે. શહેરના માર્ગો, બગીચાઓ, ઉદ્યાનો, તળાવો, વન ઉપવન, મંદિરો વિગેરે ફાગણ મહિનામાં અતિ સુંદર રીતે તણાઈ આવે છે. જેની શોભામાં ચાર ચાંદ લગાવતા ઉદ્યાનોમાં રહેતા અબોલ પ્રાણીઓ અને પક્ષીઓ. આમ ફાગણ મહિનો હિન્દુ પંચાંગનો છેલ્લો મહિનો છે. આ મહિનાની પૂનમે ફાગણી નક્ષત્ર હોવાના કારણે આ મહિનાનુ નામ ફાગણ છે. આ મહિનાને આનંદ અને ઉલ્લાસનો મહિનો કહેવાય છે અને આ મહિનાથી ગરમીની શરૂઆત થાય છે. શહેરમાં ફાગણ માસની ગરમી શરૂ થઈ ગઈ છે અને શહેરમાં ફાગણ ફોરમતો સોળેકળાએ જોવા મળશે.

## સિવિલ હોસ્પિટલમાંથી બાઈક ચોરાયું

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર સિવિલ કેમ્પસ વાહન ચોર શખ્સો માટે સોફટ ટાર્ગેટ બની ગયું છે. કેમ્પસમાંથી આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરી અટકવાનું નામ લેતી નથી. ત્યારે સિવિલ હોસ્પિટલના તાત્કાલીક વિભાગ પાસે પાર્ક કરેલ હીરો સ્પ્લેન્ડર બાઈકની ચોરી થવા પામી છે. મળતી વિગત મુજબ બોરીજ ગામના કનુભાઈ શંકરભાઈ પુરબીયા સફાઈ કામદાર તરીકે કામ કરે છે. ત્યારે ગત તા.૧ માર્ચના રોજ સવારે તેઓ ૧૦ વાગે સિવિલ ખાતે બાઈક નં.જીજે.૦૯.ડીએફ-૧૮૫૯ લઈને આવ્યા હતા. ત્યારબાદ સિવિલ ખાતે અંદર ગયા હતા. બપોરે પરત ફર્યા તે સમયે જોયુ તો જગ્યા પર બાઈક ન હતું. જેથી તેઓએ પોતાની રીતે આસપાસના વિસ્તારમાં શોધખોળ કરી હતી.

## શનિવારે શહેરમાં દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવ યોજાશે


### લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટનું સંયુક્ત આયોજન : ૧૧ યુગલો પ્રભુતામાં પગલા માંડશે

ગાંધીનગર તા.૦૨

આગામી તા.૮મી માર્ચના રોજ સમગ્ર વિશ્વમાં આંતરરાષ્ટ્રીય મહિલા દિવસની ઉજવણી કરાશે. આ પ્રસંગે પાટનગરની સન્નારીઓ દ્વારા સંચાલિત લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાએ આગોતરું એક વિશેષ આયોજન કર્યુ છે જેમાં કુલ ૧૧ દિવ્યાંગ કન્યાઓને પ્રભુતામાં પગલાં પાડવામાં સહાયરૂપ બનશે.

લાયન્સ કલબ ઓફ ગાંધીનગર ફેમિના અને એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટના સંયુક્ત ઉપક્રમે આગામી તા.૫મી માર્ચ શનિવારના રોજ સેક્ટર-૨૨ના રંગમંચ ખાતે દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રસંગે સવારે ૧૦.૩૦ કલાકે યોજાનારા સત્કાર સમારંભમાં અધ્યક્ષપદે ગાંધીનગરના મેયર હિતેશભાઈ મકવાણા, મુખ્ય મહેમાન પદે લાયન્સના ડિસ્ટ્રીક ગવર્નર જગદીશચંદ્ર અગ્રવાલ સાથે ખાલસા લીટલ ફલાવર સ્કૂલના મૅનેજિંગ ટ્રસ્ટી તથા પ્રિન્સિપાલ સુરજિત કૌર ડાંગની વિશેષ ઉપસ્થિતિ રહેશે. આ પ્રસંગે ગાંધીનગર સમાચારના તંત્રી કૃષ્ણકાંત જહા આશીર્વચન પાઠવશે તેમજ અતિથિ વિશેષ પદે ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, મનપાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જસવંતભાઈ પટેલ, અમર રોડલાઈન્સના હરપ્રિત સીંઘ સલુજા ઉપસ્થિત રહેશે.

દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનો પ્રારંભ શનિવારે સવારે ૮ કલાકે મંડપ મુહુર્તથી થશે અને ત્યારબાદ ૯ કલાકે ગ્રહ શાંતિ, ૧૧.૩૦ કલાકે હસ્ત મેળાપ અને બપોરે ૩ કલાકે કન્યા વિદાય યોજાશે. ભોજન સમારંભ બપોરના ૧૨.૩૦ કલાકે યોજાશે. દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવમાં કુલ ૧૧ યુગલો પ્રભુતામાં પગલા માંડશે. સમગ્ર કાર્યક્રમનું આયોજન એસોસિએશન ફોર સોશિયલ વેલફેર એન્ડ ડેવલોપમેન્ટના સ્થાપક સ્વ.નરેન્દ્રસીંઘ છાબડા તેમજ લાયન્સ ક્લબ ઓફ ગાંધીનગર ફેમિનાના મમતાબેન રાવલ, ડિમ્પલબેન દેસાઈ તેમજ ચંદાબેન યાદવની પ્રેરણાથી ફેમિના પ્રમુખ વૈશાલીબેન જોષી અને એએસડબલ્યુડીના પ્રમુખ પરમજીત કૌર છાબડા દ્વારા કરવામાં આવ્યું છે.



**''આવ્યો આવ્યો બળબળ થતો, દેખ જોગી ઉનાળો,**
**વા વૈશાખી પ્રબળ વહેતા, ઉડતી અજગર જાળો''**

ગુજરાતી ભાષાના અદના કવિ ઉમાશંકર જોશીની આ પંક્તિ યાદ આવી જાય તેવી રીતે આંગળીને વેઢે ગણાય તેટલાં દિવસોમાં અચાનક જ ઋતુ પરિવર્તન થઈ ગયું હોવાનું અનુભવાઈ રહ્યું છે. હજુ તો હમણાં જ વસંતનો વૈભવ સોળેકળાએ ખીલ્યો હતો ને પાનખર સુકા પર્ણોને હજુ વિદાય પણ નથી આપી ત્યાં તો જાણે ઉનાળો આવી ગયો હોય તેવી ગરમી શરૂ થઈ ગઈ છે અને ઉનાળાના આગમનની પહેલી અસર અબોલ પંખીઓ પર વર્તાતી હોય છે. પારવડાના કંઠે શોષ વર્તાય ત્યારે ક્યાંક જો પાણીનું નાનકડું ખાબોચીયું પણ મળી જાય તો જાણે મીઠી વીરડી મળ્યાંનો ઉત્સવ ઉજવાઈ જાય છે. આ તસવીર જ કહે છે કે આંગણે પાણીનું કુંડુ લટાકાવવાનો સમય આવી ગયો છે, હે માનવી..!!